સલામ શિક્ષકોને : વાત્રક કોવિડ હોસ્પિટલમાં અરવલ્લી ઉચ્ચત્તર માધ્યમિક-વહીવટી સંઘ દ્વારા રૂ.૨.૫૦ લાખનું દાન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

બાયડ તાલુકાની વાત્રક કોવિડ હોસ્પિટલમાં અરવલ્લી ઉચ્ચત્તર માધ્યમિક અને વહીવટી સંઘ દ્વારા રૂા.૨,૫૦,૦૦૦નું દાન આપી સરાહનિય કામ કર્યું છે. વાત્રક હોસ્પિટલના ચેરમેન કોદરભાઈ પટેલ, માનદ્ મંત્રી કનૈયાલાલ એમ. શાહ, ઓફીસ સુપ્રિટેન્ડેન્ટ વિરમભાઈ ભરવાડ વગેરેએ શિક્ષકોએ વહીવટી સંઘની ભાવનાને બિરદાવી છે.

કોરોનાના કપરા કાળમાં જરૂરીયાતમંદોને અનેક પ્રકારની મદદો મળી જેના કારણે કોરોના કાળની આફત અવસરમાં પલટવામાં સરકાર અને આરોગ્ય વિભાગને પરોક્ષ રીતે અનેક મદદ મળી. જિલ્લાના અનેક પ્રાથમિક શિક્ષકોએ પણ દાન આપી સરાહનીય કાર્ય કર્યું હતું જેની રાજ્ય સરકારે નોંધ લીધી હતી. હવે અરવલ્લી જિલ્લા ઉચ્ચત્તર માધ્યમિક અને વહીવટી સંઘ દ્વારા વાત્રક ખાતેની કોવિડ હોસ્પિટલમાં મદદના હેતુથી દાન આપ્યું છે. ચેક અર્પણ સમયે જિલ્લા ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ મુકેશભાઈ બી. પટેલ, મહામંત્રી રાકેશભાઈ પટેલ,

એજ્યુકેશન ઈન્સ્પેક્ટર કીરીટભાઈ ડામોર, બાયડ નોડલ કન્વિનર સુનિલભાઈ કે. પટેલ, ધનસુરા હાઈસ્કુલના આચાર્ય પ્રકાશભાઈ દેસાઈ, મહેશભાઈ પટેલે વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

સાબરકાંઠામાં કોરોનાની પીછેહઠ, માત્ર ૧૨ પોઝિટિવ કેસ

૧ બાળક સંક્રમિત, ચિંતા વધી

તલોદ, તા.૦૪

સાબરકાંઠા જિલ્લામાં કોરોનાની ધીમે ધીમે પીછેહઠ થઈ રહી છે જે રાહતરૂપ સમાચાર છે. પાછલા ૨૪ કલાકમાં માત્ર ૧૨ પોઝિટિવ કેસ નોંધાયા છે. પરંતુ જિલ્લામાં દરરોજ કોરોનાથી એકાદ-બે બાળકો સંક્રમિત થઈ રહ્યા છે. જે તંત્રની ચિંતા વધારી રહ્યું છે.

કોરોનાના કપરાકાળમાં જિલ્લાના વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગે ખડે પગે રહીને કામગીરી કરી છતાં કોરોનાના કેસમાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો. કોરોનાની બીજી લહેરમાં હિંમતનગર સિવિલમાંથી બહાર નિકળતી લાશ જોઈ અનેક લોકો દ્રવિ ઉઠ્યા હતા. પરંતુ હવે કોરોના ઉપર અંકુશ આવતો હોય તેવું ચિત્ર દેખાય છે. જિલ્લામાં અત્યાર સુધીમાં કોરોનાના કુલ-૭૦૧૦ પોઝિટિવ કેસ નોંધાયા હતા. ૬૭૦૦ દર્દીઓ સાજા થયા છે. અત્યારે હાલ માત્ર ૧૬૧ એક્ટિવ કેસ હોવાનું આરોગ્ય સૂત્રોએ જણાવ્યું છે.

ઉત્તર ગુજરાતમાં મા કાર્ડ કાઢવાની કામગીરી બંધ

સરકારે એજન્સી રદ કરતાં લાભાર્થીઓને હાલાકી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

ઉત્તર ગુજરાતમાં મા કાર્ડ કાઢવાની કામગીરી હમણાંથી બંધ કરાતાં લાભાર્થીઓ હાલાકીમાં મૂકાયા છે. રાજ્ય સરકાર દ્વારા મા કાર્ડની કામગીરી કરતી એજન્સી રદ કરવામાં આવતાં કોરોનાના કપરા કાળમાં લાભાર્થીઓની મુશ્કેલીઓમાં વધારો થયો છે. અચાનક એજન્સીનો કોન્ટ્રાક્ટ રદ કરવામાં આવતાં કાર્ડ કાઢવાની કામગીરી ઠપ્પ થવાની સાથે ઓપરેટરો બેકાર બન્યા છે. કોઈપણ પ્રકારની આગોતરી જાણ વગર ઓપરેટરોને એજન્સી દ્વારા છૂટા કરવામાં આવતાં આ મુદ્દે વિવાદ થવાના એંધાણ છે.

સરકાર દ્વારા પ્રજાને આરોગ્ય સુવિધા નિઃશુલ્ક મળે તે માટે મા કાર્ડ યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજના દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે. મોટાભાગના જિલ્લાઓમાં મા કાર્ડ કાઢવાની કામગીરી ખાનગી એજન્સીને સોંપવામાં આવી હતી પરંતુ હમણાંથી ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં સરકાર દ્વારા કોઈપણ પ્રકારની આગોતરી જાણ વગર એજન્સીનો કોન્ટ્રાક્ટ રદ કરવામાં આવ્યો છે જેના કારણે કામગીરી ઠપ્પ થઈ છે. વર્તમાન કોરોનાના મુશ્કેલ સમયમાં મા કાર્ડ લાભાર્થીઓ માટે જરૂરી બન્યું છે તેવા સમયે ઓપરેટરોને છૂટા કરી દેવાતાં હાલાકી ઉભી થઈ છે. જ્યારે રાજ્ય સરકાર દ્વારા એજન્સીનો કોન્ટ્રાક્ટ રદ કરાયા પછી ઓપરેટરોને કોઈપણ પ્રકારની જાણ વગર છૂટા કરી દેવાતાં આ મુદ્દે કેટલાક જિલ્લાઓમાં ઓપરેટરો દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવી છે. ઉત્તર ગુજરાતમાં નિયત કરેલ સ્થળોએથી લાભાર્થીઓ મા કાર્ડ કઢાવવાની સાથે કાર્ડ રીન્યુ કરાવી સરકારની નિઃશુલ્ક આરોગ્ય સેવાઓનો લાભ લેતા હતા પરંતુ હવે કામગીરી બંધ કરવામાં આવતાં મા કાર્ડ ધરાવનારા લાભાર્થીઓની હાલાકીમાં વધારો થયો છે.

એજન્સીએ ફોનથી ઓપરેટરોને છૂટા થવાની સૂચના આપી..

બાયડ : ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં મા કાર્ડ કઢાવવાની કામગીરી બંધ કરવામાં આવી છે. રાજ્ય સરકારે ખાનગી એજન્સીનો કોન્ટ્રાક્ટ રદ કર્યા પછી એજન્સી દ્વારા ફરજ બજાવતા ઓપરેટરોને માત્ર ટેલિફોન ઉપર ફરજમાંથી મુક્ત થવાની સૂચના આપવામાં આવી છે. જ્યારે ઓપરેટરો દ્વારા આ મુદ્દે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાંતિજના દવાના વેપારી સાથે ઓનલાઈન ઠગાઈ

પ્રાંતિજ તા.૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના મેડીકલ ના વેપારી સાથે ઓનલાઈન ઠગાઈ થતા વેપારી દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન માં બે અજાણ્યા મોબાઈલ માલિકો સામે પોલીસ ફરિયાદ કરી. પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ ગોપીનાથ કોમ્પલેક્ષ મા આવેલ પ્રધાન મંત્રી જન ઔષધી કેન્દ્ર ના મેડીકલ ના વેપારી અને પ્રાંતિજ ગ્રીનપાર્ક સોસાયટી મા રહેતા ફરીયાદી મેડીકલ માલિક વિજયપુરી નરેન્દ્રપુરી રણજીતપુરી ગોસ્વામી કે પોતાના મેડીકલ મા ઓડર ની દવાઓ આવેલ નહી જેને ગુગલ એપ્લીકેશન સર્ચ કરી ગતી ટ્રાન્સ્પોર્ટ અમદાવાદ ના મોબાઈલ નંબર- ૦૯૮૮૩૯૦૮૭૭૧ મેળવી ફોન કરતા આ કામના આરોપીએ તમારૂ કામ ઝડપી થઈ જશે તેમ જણાવી વિશ્વાસ માં લઈ ચાલુ ફોને મોબાઈલ નંબર-૮૩૫૦૦૨૮૩૧૭ સાથે વાત કરાવતા મોબાઈલ ધારકે ચાલુ ફોન મા હિન્દીમાં વાત કરી લીક મોકલી આપી ફરીયાદી તથા તેના પિતાના ખાતા માથી અલગ-અલગ રૂ.૯૫,૧૦૮ ડેબીટ કરી લઈ બન્ને મોબાઈલ ધારકોએ ફરિયાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી એક બીજાની મદદગારી કરતા દવાની દુકાન ના વેપારી વિજયપુરી ગોસ્વામી દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા બે અજાણ્યા મોબાઈલ માલિકો સામે ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે ગુનોનોંધી આગળ ની પોલીસ તપાસ હાથ ધરી છે .

ધનસુરા CHCમાં ૧૮ થી ૪૪ વર્ષના ૧૯૦ થી વધુ લોકોનું રસીકરણ

પ્રથમ દિવસે યુવાનો એ ઉત્સાહ સાથે રસીકરણ કરાવ્યું

ધનસુરા, તા. ૪

સરકારે ગુજરાત માં તમામ જિલ્લાઓમાં ૧૮ થી ૪૪ વર્ષ ના લોકોનું રસીકરણ શરુ કર્યું છે ત્યારે ધનસુરા ઝઊંઝ માં પ્રથમ દિવસે ૧૯૦ થી વધુલોકોએ રસીકરણ કરાવ્યું હતું રજિસ્ટ્રેશન બાદ ૧૮ થી ૪૪ વર્ષ ના લોકો એ ઉત્સાહ સાથે રસીકરણ કરાવ્યું હતું જ્યારે શીકા ખાતે પણ ૪૫ થી ઉપર ના લોકો અને બીજા ડોઝ માટે ૨૦૦ જેટલા લોકો એ રસીકરણ કરાવ્યું હતું ધનસુરા તાલુકામાં ધનસુરા CHC ખાતે ૧૯૦ થી વધુ અને શીકા ખાતે ૨૦૦ જેટલા લોકોનું રસીકરણ કરાવ્યું હતું ધનસુરા તાલુકામાં ડીડીઓ અનિલ ધામેલિયા,નાયબ જિલ્લા વિકાસ અધિકારી બી.બી.સાધુ અને જિલ્લા આરોગ્ય અધિકારી આર.જી.શ્રીમાળી,તાલુકા હેલ્થ ઓફિસર યોગેશભાઈ ગોસ્વામી,આરોગ્ય ના આશિષભાઈ,શીકા પીએચસી ના મેડિકલ ઓફિસર નાજીમાબેનના માર્ગદર્શન હેઠળ રસીકરણ શરુ છે.

અરવલ્લી બાગાયાતદાર ખેડૂતો બાગાયત ખાતાની વિવિધ સહાયલક્ષી યોજનાનો લાભ મેળવે

કોરોનાની મહામારીને ધ્યાને લઇ રાજ્યના ખેડુતો I- khedut Portal પર ૧૫ જૂન સુધી અરજી કરી શકશે

બાયડ તા.૪

વર્ષ:૨૦૨૧-૨૨ માટે બાગાયત ખાતા દ્વારા ચાલતી વિવિધ સહાયલક્ષી યોજનાઓ માટે બાગાયતદાર ખેડુતોને સહાય આપવાના કાર્યક્રમ જેવા કે જેવા કે કાચા/અર્ધ પાકા/પાકા મંડપ- વેલાવાળા શાકભાજીના પેડલ, વેલાવાળા શાકભાજી પાક માટે ટીસ્યુકલ્ચરથી ઉત્પન્ન થયેલ પ્લાન્ટીંગ મટીરીયલમાં સહાય, ડ્રીપ ઇરીગેશન માટે પાણી સંગ્રહના ટાંકા, પ્લગ નર્સરી, બાગાયતી પાકોમાં વોટર સોલ્યુબલ ખાતરમાં સહાય, ઔષધિય/સુગંધિત પાકોના વાવેતર માટે સહાય, ઔષધિય/સુગંધિત પાકોના માટે નવા ડીસ્ટીલેશન યુનિટ, કોલ્ડ ચેઇન મેનેજમેન્ટ કાર્યક્રમ, ટીસ્યુકલ્ચર ખારેકની ખેતીમાં સહાય, ગ્રીન હાઉસ તથા ટીસ્યુકલ્ચર લેબોરેટરીમાં વીજદર સહાય, પોલીહાઉસ/નેટ હાઉસમાં સોઇલલેસ કલ્ચર માટે સહાય, ફળપાકના પ્લાન્ટીંગ મટેરીયલમાં સહાય, બાગાયતી પેદાશની પોસ્ટ હાર્વેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત પેકીંગ મટેરીયલમાં સહાય માટે, ફળ/શાકભાજી પાકોના પ્લાન્ટીંગ મટીરીયલમાં સહાય, હવાઇ માર્ગે બાગાયત પેદાશની નિકાશ માટેના નુરમાં સહાય, ફળ/શાકભાજી પાકોના હાઇબ્રીડ બિયારણ ખરીદવા માટે સહાય, સરગવાની ખેતીમાં સહાય તથા દેવીપુજક ખેડુતોને તરબુચ, ટેટી અને શાકભાજીના બિયારણમાં સહાય માટે તા. ૦૬ માર્ચ ૨૦૨૧ થી તા.૩૧ મે ૨૦૨૧ સુધી **I-khedut Portal** ખુલ્લુ મુકવામાં આવેલ હતુ. હાલની વૈશ્વિક મહામારીને ધ્યાને લઇ રાજ્યના ખેડુતો અરજી કરવાથી વંચિત ન રહે તે માટે I- khedut Portal તા. ૧૫ જૂન ૨૦૨૧ સુધી ખુલ્લુ કરવામાં આવેલ છે. અત્રેના અરવલ્લી જિલ્લામાં બાગાયત ખાતાની યોજનાઓનો લાભ લેવા માંગતા ખેડૂતોઅu I-khedut Portal (web site : www.ikhedut.gujarat.gov.in) માં જણાવેલ સમય દરમ્યાન પોતાના ગામના ઇ ગ્રામ સેન્ટર કે કોઇ ખાનગી ઇન્ટરનેટ ઉપરથી ૭/૧૨, ૮-અ ની નકલ, આધાર કાર્ડની નકલ અને બેંક ખાતાની વિગત સાથે લઇ જઇને લાભ લેવા સમયસર અરજી કરવી. અરજી કર્યા બાદ અરજીની કોપી અને ઉપર જણાવેલ જરૂરી સાધનીક કાગળો દિન-૭ માં નીચે જણાવેલ કચેરીમાં અચુક જમા કરાવવા આથી જણાવવામાં આવે છે. લાભાર્થીની ઓનલાઇન અરજી, ૭/૧૨ અને ૮-અ ની નકલ મળ્યા બાદ જ અત્રેથી મંજુરી આપવામાં આવશે. આ અરજીઓ નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, જિલ્લા સેવા સદન, બીજો માળ, સી-બ્લોક, સી/એસ/૧૦, મોડાસા, જિ. અરવલ્લી, ફોન નં. ૦૨૭૭૪-૨૫૦૧૯૫, પર રજુ કરવી. જેની સર્વે ખેડુતોએ નોંધ લેવી. એમ એક અખબારી યાદીમાં જણાવાયું છે.

પ્રાંતિજ તાજપુર કુઈ પર ઘઉંની ભરેલી ટ્રક ૧૫ ફૂટ ખાડામા ખાબકી..

પ્રાંતિજ તા.૪

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર અમદાવાદ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ ના તાજપુર કૂઇ પાસે એક ટ્રક રોડ સાઈડ ના ખાડામા ખાબકી. પ્રાંતિજના તાજપુર કુઈ પર ગુરુવારની વહેલી સવારે ઘઉ ભરેલી ટ્રક તલોદ થી કડી જઈ રહી હતી ત્યારે અતિશય વાવાઝોડાને લઈને તથા વરસાદ ને કારણે આગળ ચાલકને કાંઈ ન દેખાતા પુલ છેડે ટ્રક ખાબકી હતી જોકે મોટી જાનહાનિ ટળી હતી નેશનલ હાઈવે ૮ પર ચાલતા સીક્સ લાઈન નું કામ ગોકળ ગતિએ ચાલી રહી છે ત્યારે આડેધડ મોટા મોટા ખાડા ખોદી નાખતાં જે તે હાલતમાં પડી રહી છે અહીં રોજેરોજ નાના-મોટા આ સાંકડા રોડ લઈને અકસ્માતો સર્જાય છે કેટલાક વાહનચાલકો મોતને ભેટે છે તો કોઈ ઈજાગ્રસ્ત થાય છે આ અંગે તાજપુર કુવી ના રહીશોએ રોડ કોન્ટ્રાક્ટર પર ભારે આક્રોશ ઉઠાવે છે છતાં રોડ કોન્ટ્રાક્ટર લોકોને ગલ્લા તલ્લા સમજાવી ગમે તે બહાનું કાઢી રોડનું કામ એની મનમાનીથી કરે છે જ્યારે રાહદારીઓ અને વાહનચાલકો મોટી પરેશાની ભોગવી રહ્યા છે છેલ્લા ઘણા સમયથી આ નેશનલ હાઈવે પર મજરા થી પ્રાંતિજ સુધી આડેધડ ખોદકામ કરીને જે તે તેમના તેમ ઘણા સમયથી પડી રહેલ છે આ રોડ પર તાજપુર કુઈ ચોકડી પર મોટા વાહનો રાત દિવસ ભારે ધસારો જોવા મળે છે. અને સાંકડા રોડ ને લઈને વારંવાર વાહનોની લાંબી કતારો થઈ જાય છે અને ટ્રાફિક જામ થઈ જાય છે તંત્ર દ્વારા આ સમસ્યાનું જેમ બને તેમ વહેલી તકે રોડનું કામ કરાવી તેવી લોકમાંગ ઉઠી છે.

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના પૂર્વ પ્રમુખનું નિધન

કચ્છી પાટીદાર સમાજમાં શોક છવાયો

વડાગામ, તા.૦૪

જાણીતા ક્વોરી ઉદ્યોગપતિ, શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ ગુજરાતના પૂર્વ પ્રમુખ ટી.એસ.પટેલના હુલામણા નામથી જાણીતા તુલસીભાઈ શામજીભાઈ પટેલ(વડાગામ)નું નિધન થતાં સમગ્ર અરવલ્લી જિલ્લા તેમજ કચ્છી પાટીદાર સમાજમાં શોધ છવાયો છે.

આકરૂન્દ પંથકના ભામાશા તરીકે ઓળખાતા શામજીભાઈ સવગણભાઈ પટેલના મોટાપુત્ર તુલસીભાઈ પટેલે ક્વોરી ઉદ્યોગની સાથે શિક્ષણ તેમજ સમાજ માટે બહુમૂલ્ય યોગદાન આપ્યું હતું અનેક સેવાભાવિ તેમજ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રમુખ પદે રહી સેવાકીય કાર્યોને આગળ ધપાવ્યા હતા. તાજેતરમાં જ તેમનાં પત્નિનું નિધન થયું હતું અને ત્યારબાદ તા.૩ ના રોજ તુલસીભાઈ પટેલનું નિધન થતાં વડાગામ પંથકમાં શોક છવાયો છે. તેઓ તેમના પાછળ બહોળા પરિવારને વિલાપ કરતા છોડી ગયા છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની તમામ ગ્રામ પંચાયતોમાં છેલ્લા એક સપ્તાહથી સર્વર ખોટકાતા ખેડૂતોના ઉતારા સહિતના કામો ટલ્લે ચઢ્યા

હિંમતનગર, બાયડ(બ્યુરોઓફિસ) તા.૦૪

સાબરકાંઠા-અરવલ્લી સહિતની તમામ ગ્રામ પંચાયતોમાં સતત અઠવાડિયાથી જ સર્વર પ્રોબ્લેમ આવતા ખેડૂતોને સાત-બાર સહિતના ઉતારા થઈ લઈ ઓનલાઈન કૃષિ સહાય મેળવવા ફોર્મ ભરાવવા સહિતના કામો રઝળી રહ્યાં હોવાથી આ અંગે આજરોજ ન છૂટકે ગુજરાત રાજ્ય ગ્રામ પંચાયત સાહસિક ઓપરેટર મંડળ દ્વારા રાજ્યના મુખ્ય મંત્રી વિજય રૂપાણીને આ અંગે રજુઆત કરીને તાત્કાલિક આ સમસ્યાનો નિકાલ લાવવા પત્ર લખી માંગ ઉઠાવી છે. ગુજરાત રાજ્ય ગ્રામ પંચાયત સાહસિક ઓપરેટર મંડળના પ્રમુખ મનહરસિંહ ઝાલાએ મુખ્ય મંત્રીને લેખિતમાં કરેલી રજુઆત મુજબ.છેલ્લા એક અઠવાડિયાથી સર્વર ચાલતું ન હોવાની રાજ્યભરમાં બૂમ પડી હોવા છતાં વેબસાઈટ સર્વરની ક્ષતિ દૂર નહિ કરાતા ખેડુતોની ખેતી સિઝન નજીક આવી રહી છે ત્યારે લોકો પંચાયત કચેરીના ધક્કા ખાઈ રહ્યા છે અને પંચાયત ઓપરેટરોની હાલત સૂડી વચ્ચે સોપારી જેવી થઈ છે. રોજ ખેડૂતો આમજનતાના ટોળા આવે છે પણ ઓપરેટરના જવાબથી કોઈને સંતોષ નથી,અમને તો ઉતારા કાઢી આપો.. અમને આ આપો.. તે આપો..હવે કૃષિ સહાય માટે ૧૫ ,જૂન સુધી ઓનલાઈન અરજીઓ કરવાની છે ત્યારે ચાર દિવસ તો બેકાર નીકળી ગયા હજુ ક્યારે આ સર્વર ચાલુ થશે એની કોઈને કહી શકતું નથી.

ઉત્તર ગુજરાતમાં કોરોનાના બીજા રાઉન્ડનો અંત નજીક, નવા સંક્રમિત કેસ ૨૪૦૦

કોરોનાની ત્રીજી લહેર તો નહીં આવે ને..?? પ્રજામાં દહેશત, આરોગ્ય તંત્રએ તૈયારીઓ શરૂ કરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

ગુજરાતમાં કોરોનાનો કહેર અંકુશમાં દેખાય છે. તા.૪ જૂનથી ઉત્તર ગુજરાતના તમામ જિલ્લામાં ૧૮ થી ૪૪ વર્ષના લોકોને કોરોના વેક્સિન મળવાની શરૂઆત થઈ છે. જ્યારે ઉત્તર ગુજરાતમાં કોરોનાના બીજા રાઉન્ડનો અંત નજીક હોય તેવા આંકડા જણાયા. પાછલા ૨૪ કલાક દરમ્યાન કોરોના સંક્રમિત કેસ ૨૪૦૫ નોંધાયા છે. કોરોનાની ત્રીજી લહેર તો નહીં આવે ને..?? તેની દહેશત પ્રજાને સતાવી રહી છે. જ્યારે રાજ્ય સરકાર અને ઉત્તર ગુજરાતના આરોગ્ય વિભાગે પણ સંભવિત ત્રીજી લહેરને ધ્યાને રાખી હોસ્પિટલમાં બેડ વધારવા, પૂરતું ઓક્સિજન મળી રહે તે બાબતની તમામ તૈયારીઓ અંદરખાને શરૂ કરી છે.

લગ્નના આયોજન કર્યા હોય અને જે તૈયારીઓ કરવાની હોય તેવી સ્થિતિ કોરોનાએ લાવી દીધી છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં પ્લેગ, સ્વાઈનફ્લુ સહિતના અનેક ગંભીર રોગચાળાએ દેખા દીધી છતાં પણ આરોગ્ય વિભાગે ઓછી તૈયારી કર્યા છતાં મૃત્યુ આંક સિમિત રાખવામાં સફળતા મળી. જ્યારે કોરોનાના કહેરને નાથવામાં સરકાર અને આરોગ્ય વિભાગે તમામ તાકાત કામે લગાડ્યા છતાં પણ મૃત્યુ આંક ચોંકાવનારો રહ્યો છે. કોરોના ઉપર અંકુશ ધીરે ધીરે આવતો હોય તેવું દેખાય છે પરંતુ બીજી લહેરમાં કોરોનાએ અનેક યુવાનોનો ભોગ લીધો છે. ત્રીજી લહેર બાળકો માટે ઘાતક સાબિત થઈ શકે છે તેવી દહેશતથી ૧૮ થી ૪૪ વર્ષના લોકો માટે વેક્સિનેશન શરૂ થયું પરંતુ બાળકો માટે વેક્સિનેશન મુદ્દે અંદરખાને તૈયારીઓ ચાલી રહી છે. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, બનાસકાંઠા, પાટણ, મહેસાણા અને અરવલ્લી જિલ્લામાં દરરોજ સંક્રમિત કેસ ૧૨,૦૦૦ને પાર કરી ગયા હતા જે ક્રમશઃ ઘટીને હવે ૨૪૦૦ સુધી પહોંચ્યા છે તે જોતાં ઉત્તર ગુજરાતમાં બીજા રાઉન્ડનો અંત નજીકમાં છે તેમ કહી શકાય.

પાછલા ૨૪ કલાકમાં સંક્રમિત કેસ..

જિલ્લો	સંક્રમિત કેસ સંખ્યા
અરવલ્લી	૨૫૬
બનાસકાંઠા	૧૬૩
મહેસાણા	૧૪૨૩
પાટણ	૪૦૫
સાબરકાંઠા	૧૫૮

જન્મદિને વધામણી

મંજુલાબેન નટુભાઈ પરમાર
બાયડ, જિ.અરવલ્લી

અનિલભાઈ બ્રહ્મભટ્ટ
(સી.આર.સી.
કો.ઓર્ડીનેટર)
વિવેકાનંદ સોસાયટી, બાયડ

શૈલેષભાઈ ગોસ્વામી
(પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર-ચોઈલા)
રડોદરા, તા.બાયડ

બ્રિજેશ પટેલ
ધનસુરા, જિ.અરવલ્લી

શ્રેયસ પટેલ
જેતપુર(ચોરીવાડ)

દિપકભાઈ ચૌધરી
વડાગામ, તા.ધનસુરા

ધીરજભાઈ એન. પટેલ
વડોદરા(આકરૂન્દ)

રાહુલ મણીભાઈ પટેલ
આકરૂન્દ, તા.ધનસુરા

કૌશિક ઈશ્વરભાઈ પટેલ
આકરૂન્દ (હિંમતનગર)

બિરેનભાઈ પટેલ
(મહાદેવપુરા પ્રા.શાળા)
બાયડ (ડેમાઈ)

ચારૂ વિક્રમકુમાર સોલંકી
(૫૮, શ્રીનાથજી પાર્ક)
બાયડ (ગાબટ)

ઘરમાં રહો, સુરક્ષિત રહો...

પ્રમાણિકતાનો દિવો ઝબુક્યો : રડોદરાના પંચાલ પરિવારે માતાનું મૃત્યુ થતાં વયવંદનાનું રૂા.૩૩,૦૦૦ પેન્શન પરત કર્યું

મૃત્યુ નિપજ્યું છતાં પણ ખાતામાં પેન્શન જમા થતું રહ્યું..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

સરકાર દ્વારા કોઈ સહાય મળે અને લાભાર્થીઓનું મૃત્યુ નિપજ્યા પછી તેના બેન્ક ખાતામાં લાંબા સમય સુધી સહાય જમા થઈ હોય તો પરત મેળવવી મુશ્કેલ છે પરંતુ બાયડ તાલુકાના રડોદરાના પંચાલ પરિવારે પ્રમાણિક્તાનો દિવો પ્રગટાવી અમારા હક્કનું નથી તે નથી જોઈતું..તેવા આદર્શ વિચાર સાથે તેમના મૃતક માતાના ખાતામાં જમા થયેલ વયવંદનાનું પેન્શન રૂા.૩૩,૦૦૦ બાયડ મામલતદાર કચેરીમાં પરત કરતાં દર વખતે મુલાકાતી સામે કડકાઈથી જોતા અધિકારીઓની આંખો ગદગદીત થયેલી જોવા મળી.

પ્રાપ્ત જાણકારી અનુસાર રડોદરા ગામના ડાહીબેન કાન્તિલાલ પંચાલને વયવંદના યોજના હેઠળ પેન્શન સહાય મળતી હતી. તા.૮-૧૦-૨૦૧૭ના રોજ તેમનું અવસાન થયું આ અંગે તંત્રને જાણકારી આપવામાં આવી છતાં પણ જૂન-૨૦૨૧ સુધી તેમના ખાતામાં વયવંદના સહાય નિયમિતપણે બેન્ક ખાતામાં જમા થતી રહી. તેમના પુત્ર કનૈયાલાલ પંચાલે બેન્ક ખાતું જોતાં આશ્ચર્ય પામ્યા. માતાનું મૃત્યુ નિપજે ૪ વર્ષનો સમયગાળો થયો છતાં પેન્શન જમા થાય છે છેવટે તેઓએ મળેલી સહાય બાયડ મામલતદાર કચેરીમાં પરત કરીને એક પ્રમાણિક્તાનો કિસ્સો ઉજાગર કર્યો છે. છેલ્લા કેટલાય સમયથી સરકારી કચેરીઓમાં ભ્રષ્ટ બાબુઓની ઉચાપત અખબારના પાને ચમકતી હોય છે. ત્યારે એક મધ્યમ વર્ગીય પરિવારે સરકારની પોતાની મળેલી સહાય જે ચૂકના કારણે સતત ૩ વર્ષથી આવતી હતી તે સરકારી તિજોરીમાં પરત જમા કરાવીને સમગ્ર બાયડ તાલુકા અને પંચાલ સમુદાયને મુઠ્ઠી ઉંચેરા બનાવી દીધા છે.